॥ ૐ ॥

શ્રી નવીન

ઉદયભાણ

નાટકનાં ગાયનો

"શ્રી દેશી નાટક સમાજ" બ્રાંચ નં. ૨ માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.
હાલ મુકામ સૂર્ય પ્રકાશ થીએટર—સુરત.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા મા "સુંદર"
પ્રિં. પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

કીંમત ૩ આના.

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષો.

કર્ણસિંહ... ... ...પાવનગઢના રાજા.
સજ્જનસિંહ ....રાજાનો સાળો નવી રાણીનો ભાઇ સેનાપતિ
ખોડુભા }
લખુભા } ....સેનાપતિના દીકરા.
જસાજી..................સેનાપતિનો જમાઇ, મોંઘીનો વર.
દીવાન ....નાસી છુટેલ નિતિમાન રાજભક્ત.
ઉદયસિંહ ....ભરથરી રાજાનો ભત્રીજ.
ભાણજી ....દીવાનનો દીકરો.
રામદેજી ... ...વ્યસની ઠાકોર.
કવિદા... ....ખુશામતીયો રામદેનો ચારણ.

સ્ત્રી પાત્રો.


રાણી... ... .કર્ણસિંહની નવી રાણી.
ભાણીબા ....કર્ણસિંહની કુંવરી.
મોંઘી ....સેનાપતિની દીકરી જસાજીની સ્ત્રી.

વડારણો, દાસીઓ, સીપાઇઓ, વટેમાર્ગુઓ વીગેરે વીગેરે

સ્થળ—પાવનગઢ, આસપાસની હદ અને દ્વારકા.

સોના ચાંદીના દાગીના ખરીદવાની

ભરોસાદાર દુકાન.



શા૦ નરોત્તમદાસ નગીનદાસની કું૦

દરેક જાતના સોના ચાંદીના દાગીના બનાવનાર તથા
વેચનાર તેમજ દરેક જાતના નવા ઘડીયાળો તથા તેને
લગતો દરેક જાતનો સામાન વેચનાર તેમજ
જુના ઘડીઆળો દુરૂસ્ત કરનાર.

એક વખત પધારી ખાત્રી કરવા વિનંતી છે.

ઠે૦ બરાનપુરી ભાગળ—સુરત.

શ્રી શાન્તિનાથાયનમઃ

શ્રી નવીન ઉદયભાણુ નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ ૧ લે।—પાવનગઢના રાજા કર્ણસિંહના મહેલ આગળ ભરથરી વેષે બે છોકરાઓ ભજન ગાય છે; રાજા કર્ણસિંહ, રાણી. રાણીની ઓરમાન દીકરી ભાણીબા, તથા રાણીનો ભાઇ સજ્જનસિંહ સાંભળે છે; ભરથરીને ભીખ આપવા માંડે છે. ભરથરી ભીખ લેવા ના પાડે છે, અને નોકરી માગે છે. કુંવરી એક ભરથરીને પોતાની તહેનાતમાં રાખે છે, તેથી બીજાને રાણીનો ભાઇ સેનાપતિ સજ્જનસિંહ પોતાના દીકરા ખોડુભાની તહેનાતમાં રાખે છે. રાણી અને સેનાપતિની ખાનગી મસલત.

પ્રવેશ ૨ જો—નાશી ગએલ માજી દીવાન જોગી વેષે, બાતમી મળવાથી સેનાપતિ ઠાર કરવા જાય છે. બહાદુર દીવાન બચી જાય છે. છોકરાઓને રામનામીઓની ઓળખાણી બતાવી જાય છે રાજા આવે છે અને જાયબી.

રાજાના સાળા સજ્જનસિંહનો અક્કલ દીકરો ખોડુભા તથા ભરથરી છોકરો ભાણુજી; પનઘટ લીલા. સેનાપતિની મિજાજી દીકરી મોંઘી નાનાભાઇ લધુભા સાથે આવી વરનો વરઘોડો જાહેર કરે છે.

પ્રવેશ ૩ જો—બ્યરૂની ઠાકોર રામદેજી, તેમના ખુશામતિયા, અને વડારણો જંગલમાં દેવળ આગળ, કુંવરી ભાણીબા વાઘના

શિકારે, ભરથરી વેષવાળો સિપાઇ થયેલ ઉદયસિંહ કુંવરીને બચાવે છે, પરાક્રમથી મોહિત કુંવરી, રામદે કુંવરીનું માગું કરવા પોતાના ચારણ કવિદાને મોકલે છે. કુંવરી સીપાઇ ઉદયસિંહની પાછળ જાય છે.

પ્રવેશ ૪ થો—સેનાપતિની બીજી દીકરી મોંઘી તથા તેનો જડસો વર જસાજી; ચાકર પેમલો અને ચાકરડી પેમલી. વઢવાડ, અબોલા, પાછળથી સેનાપતિ અને ખોડુભા, જસાજીને ઠપકો, મોંઘીની વર પાસે માંગણી.

પ્રવેશ ૫ મો—ઉદયસિંહ ઝુંપડીમાં ભાઇની વાટ જુએ છે. ભાઇને બદલે કુંવરી; ગભરાવ, વાતચીત, એકતરફી કુંવરીનો પ્રેમ; ઉદયસિંહ કચેરીમાં જાય છે.

પ્રવેશ ૬ ઠો—કર્ણસિંહની કચેરી, વાઘ મારી કુંવરીનો જીવ બચાવનાર સિપાઇ ઉદયસિંહને ઇનામ, સેનાપતિની અદેખાઇનું બીજ. કવિદા ચારણનું રામદેજી માટે કુંવરીનું માગું, લડાઇની તૈયારી, કુંવરી અને ખોડાજીની પરીક્ષા, :સુધાશાસ્ત્રી ખોડુભા, ઉદયસિંહના સ્ત્રી સંબંધી ઉત્તમ વિચાર.

પ્રવેશ ૭ મો—સેનાપતિની અદેખાઇ, ઉદયસિંહને ઠાર મારવા વિચાર રાણી ભાઇ બહેનને ચડાવે છે, ખોડુભાના ભ્રમથી કુંવરીના હાથ સાથે રાજ મેળવવા ધારેલું રાજ્ય જશે એમ ધારી બનેવીને ઠાર મારવા સેનાપતિનો ઠરાવ, મોંઘીની પોતાના ધણી વીશે ફરીયાદ,

જસાજીને ઠપકો, પોતાના જમાઇ જસાજી સાથે લડાઇમાંજ પાછળથી ધા કરવા ગોઠવણ.

પ્રવેશ ૮ મો— રામદેજીની છાવણી, લડાઇમાં નાચરંગ, વ્હેમી રામદેજીની માનતાઓ, દળુસિંહનું લશ્કર આવે છે, જોતા-વારજ રામદે અને તેના લશ્કરની નાશભાગ, વગર મહેનતે મળેલ વિજય માટે પ્રભુ પ્રાર્થના, જસાજીનો રાજા ઉપર પાછળથી ધા, ઉદયસિંહ તથા ભાણુજીએ કરેલો બચાવ, જસાજી નાશી છૂટે છે

—◀▷◁▶●◀▷◁▶—

અંક બીજો.

પ્રવેશ ૧ લો—નાઠેલ રામદે, ખુશામતિયા જસાજી, બાર-વટું કરી કુંવરીને ઉપાડી લાવવાનો ઠરાવ.

પ્રવેશ ૨ જો—મરમો, કુંવરી, સેનાપતિના નાના દીકરા લઘુભાની કાલી કાલી વાતચીત, કુંવરીને બારવટીયા ઉપાડી જાય છે. રાજા અને સેનાપતિને લઘુ ખબર આપે છે. ઉદયસિંહ બાર-વટીઆની પાછળ જાય છે. સેનાપતિ પાસે ભાણુજીની ઉદયસિંહ પાછળ જવા માંગણી; મિજાજીનો જવાબ.

પ્રવેશ ૩ જો— જંગલમાં જસાજી બહારવટીયા વેષે, કુંવરી સાથે રામદેના લગ્નની તૈયારી. બ્રાહ્મણ વેશે ઉદયસિંહ. પાછળથી ભાણુજી, કુંવરીનો બચાવ, રામદે, જસાજી વગેરેને કેદ.

પ્રવેશ ૪ થો—રાજા અને સેનાપતિ, ઉદયસિંહ અને ભાણુજી કુંવરીને બચાવી લાવે છે; જસાજીને કેદ, રામદેને ગધેડે બેસાડી

દેશપાર, ઉદયસિંહને રામદેનું રાજ બક્ષિસ. કુંવરીના વિવાહ માટે સેનાપતિ અને રાજાના વિચાર,

પ્રવેશ ૫ મો—બાણીબા વિવાહના ઉમંગમાં, મોંઘી સાથે વાતચીત, લધુભા, ઉદયસિંહથી અચાનક મેળાપ, રાજા તથા સેનાપતિ માતાના દર્શનનું બાનું કાઢી સેનાપતિ વિવાહ રોકે છે. પ્રેમીઓની પડદે વાતચીત.

પ્રવેશ ૬ થો—જસાજી માટે સારી, ઉદયસિંહને ઉઘતાં ઉપાડી દરિયામાં ફેંકી દેવા સેનાપતિ અને અને જસાજીનો ઠરાવ, ખોડુભા અને લધુભા છાના સાંભળે છે.

પ્રવેશ ૭ મો—જસાજીનું ઘર, પેમલો, પેમલી, મિજાજી મોંઘી સાથે જસાજીની મારામાર.

પ્રવેશ ૮ મો—ઉદયસિંહ તથા બાણુજી બાઇઓની બાબી સંબંધી ઠઠ્ઠા મશ્કરી. ઉઘતાં ઉપાડી ઉદયસિંહને જસાજી દરિયામાં ફેંકી દે છે, રાજા અને સેનાપતિ, બાણુજીને માથે ઉદયસિંહને ઠાર મારવાનું કલંક. બાણુજીને દેશપાર, માછલીના મોંમાં ઉદયસિંહ.

પ્રવેશ ૯ મો—ઉમંગમાં બાણીબા, ઉદયસિંહના માઠા સમાચાર, બેભાન અને માંદી. રાજા, સેનાપતિ અને વૈદ્ય, હવા ફેરફાર માટે વૈદ્ય સાથે દ્વારકા મોકલવા ઠરાવ.

પ્રવેશ ૧૦ મો—મેળામાં જતો લધુભા, સીપાઇને ઘેર ઘોડું લેવા મોકલે છે. પાછળથી બાણુજી લધુભાને મારવાનો ડર બતાવી

દરિયામાં ફેંકવાની વાત કહાડી લે છે. લખુભાઇને લઈ બહારવટે નીકળી પડે છે. સેનાપતિને સમાચાર. જસાજીને પાછળ મોકલે છે.

પ્રવેશ ૧૧ મો—દ્વારકામાં દરિયા કિનારે માજી દીવાનજી, તથા કુંવરીના વેદ, ચમત્કારની ગોઠવણ; ખોડુભા સાથે વિવાહ માટે કુંવરીને પાવનગઢ પાછી લઇ જવાનો કાગળ. માછલાના મ્હોમાં તણાતો ઉદયસિંહ. દીવાન બચાવે છે; ઓળખે છે. ગુપ્ત રાખે છે. ચિત્તભ્રમ કુંવરીની દરિયામાં પડી મરવાની તૈયારી, દીવાન બચાવે છે, ચમત્કાર બતાવી ચિત્ત ઠેકાણે લાવે છે. અને ઉદયસિંહને મેળવવાની આશા આપે છે.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—ભગવતને ભરોસે કુંવરી અને સાહેલીઓ, વશીકરણ કરવા આવેલ ખોડુભાનું કાળું મોઢું.

પ્રવેશ ૨ જો—ભાણુજી નજુમીના વેષે, મોઘીની સાહેલી જડી અને પંડયાણી, વશીકરણ કરાવવા ગોઠવણ, લખુભાની શોધથી નિષ્ફળ થયેલ જસાજી, સેનપતિ અને ભાણુજી, જસાજી અને મોઘી ઉપર લખુભાને ઠાર કર્યાનો વ્હેમ, સેનાપતિ દીકરી અને જમાઇને ઠાર કરવા જાય છે.

પ્રવેશ ૩ જો—મોઘીની વશીકરણ, પંડયાણી, પથરો આપે છે. મરડાયેલનો મેળાપ અને શેતરંજ, રંગમાં ભંગ, જસાજીને ઘા, બચી જાય છે.

પ્રવેશ ૪ થો—સેનાપતિ; મોંઘીને મારવાની તૈયારી ભાણુજી સેનાપતિનું નાક કાપી નાસે છે, કાળા મ્હોંનો ખોડુભા, બાપ દીકરાનો ભેટો ને દુઃસાહસ.

પ્રવેશ ૫ મો—ભાણુજી ને લધુભા, જંગલમાં બહારવટે, દીવાન, વૈદ્ય અને ઉદયસિંહજી, બાપ દીકરાનો મેળાપ, જસાજી અને મોંઘીની મારી સધળા વેષ બદલી પાવનગઢ તરફ જાય છે.

પ્રવેશ ૬ થો—ભાણીબા, આપઘાતની તૈયારી, ઉદયસિંહ શાહદારી વેષે બચાવે છે. પરદેશી પંથીને વિવાહ મંડપમાં આમંત્રણ.

પ્રવેશ ૭ મો—ખોડુભા અને કુંવરીના વિવાહની તૈયારી, નાક કટો વેવાઇ, ભાણુજીને પકડી લાવવા ઇનામ, ખોડા વરરાજાને પારખી કરવાની તૈયારી, મજીવન લીલા. ભેદનું ભાગવું. સધળાનો મેળાપ, ઉદયસિંહ, કુંવરી, રાજ્યપાટ, વિવાહ અને છેવટનો આનંદ.

ૐ શાન્તિ ૐ શાન્તિ ૐ શાન્તિ

સ્ટેશન રોડ સુર્યપ્રકાશ થીએટર }
સુરત તા૦ ૬-૩-૧૯૧૯ }

શ્રી પરમાત્મને નમઃ
—શ્રી નવીન—

ઉદયભાણુ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—

ત્રાતા તું પ્રભુ! ધણી શાતા-દાતા જગ જનને.
તારણ જગઉદ્ધારણ સ્વામી ! ઘટ ઘટ પ્રગટ છો અંતરજામી
નમીએ અલૌકિક નામી.
ભાગ્યવંત હો મહન્ત, જ્ઞાનવંત જીવજંત,
સકળ આધિ વ્યાધિતંત, આણતા ઉપાધિ અંત;
પરમ પૂજ્ય હે ભદંત! સહસ રહસ દિવસમણિ!

નટીઓ—

જે કરશે તે ભરશે કોઇ શું કહેશે,
બાવળ વાવીએ આમ્ર સ્વાદ કેમ લેશે....
કેમુડેવાસ ન મળશે, નહિ કે તકી કદીએ ફળશે,
જે વાવે તેવું લણશે, કરણી સરખાં ફળ દેશે—
કૌવચ સંગતથી રંગત શું રહેશે!
ચંદન ખંડનથી ગંધ અખંડ ન વ્હેશે.
મધ મધપુડે જે વળશે, મધ ભાગ્ય હશે તો મળશે;
પણ ચટકો તો નવ ટળશે, આ દેશે પરહેશે—

ઉદય ભાણુજી— ૧

ટાળ્યા નહીં રે ટળે, લખ્યા જે લલાટે લેખ—ટાળ્યા૦
વાવ્યાં બીજ તે ફળે કર્મે લખ્યું તે મળે—ટાળ્યા૦
દશરથ બાંધેલ તલાવડી, પાણી શ્રવણ ભરે;
ધર્મ કરતાં ઘાડ થઇ, આંધળા ઝુરી તે મરે—ટાળ્યા૦
રઘુવીર ચાલ્યા વનમાં, સીતા રૂદન કરે;
દુષ્ટ દગે સતી લઇ ગયો, લંકા આગમાં બળે—ટાળ્યા૦
હરિશ્ચંદ્ર જેવો રાજવી, નીચ ઘર મજુરી કરે;
રાણી વેચી પરઘરે, વેળા ચાહેસો કરે—ટાળ્યા૦

ઉદય— ૨

જેને શીર કીરતાર સમર્થ વ્યર્થ તે શીદને ડરે, રે....શાણા,
જેવા કેશરી કેરા કુમાર નિડર વન વનમાં ફરે, રે....શાણા.
બાળકને ભૂત કહી ભડકાવે, જ્યાં સુધી સમજણ નાહી;
સમજુ થાતાં ભર્મ ભાગતાં, સર્મ લહે મન માંહી—વ્યર્થ૦
ઇંડાને બહુ બીક બાજની, જ્યાં સુધી પડદે પડીયાં;
ગુરૂ કૃપાએ પડદો ફુટે, ઉડી ગગન ઘર અડીયાં—વ્યર્થ૦
સ્વાંગ પહેરતાં સતીઓ મુકે, તનમન પતિને ચરણે;
શરીર સ્વાંગ ધરંતા સાચે, સમજું ભગવંત શરણે—વ્યર્થ૦

બહારણો-- ૩

શોભા શી કહું રે સુંદર શામળાજી,
મેલો ફાંકડા રે મનના આંકડાજી,

પ્રીતમ ન થઇએ પ્રીતે પાંઅળાજીરે,
સ્નેહના હાથે જોડયાં સાંકળાજીરે.
આંટીને ઘુટી છોડો છેલ, શો૰ભા૦
પ્રીત સુધારસ અજબરસ, કોઇ વિરલો પી જાણશેરે,
અંતર ઘટની વાસના કોઇ અનુભવિ પરમાણશેરે,
ભાવનાના ભેદ તો ભગવાન જેના ભાળશે,
ગાતાં અને ખાતાં પીતાં પણ તાપ ત્રિવિધ ટાળશે.

ભાણીઓ-- ૪

કેવી સુંદર સુરત હું તો વારી જાઉં,
અહો લટક ચટક જોઇ હું ઠરી જાઉં.
ભાવે મનથી ન મનથી હું ભજે જાઉં.
સુણી વચન વન વગડે લુટાણી છું.
વગર મુલે અચાનક વેચાણી છું,
બની પથ્થરની પુતળો ઘડાણી છું રે.
મીઠીં નજરના દાબે દબાણી છું.
કોણ જાણે કે સાથી લોભાણી છું.
ક્યારે નાજુક નગીનો આ પામી જાઉં રે.

જસાજી-- ૫

પ્યારીજી છો મારી મારા ચીતડાની ચોર
મારા ચીતડાની ચોર મારૂ નથી કાંઈ જોર

સુકો પાલવડાની કોર
પ્યારી હું છું તારૂ ઢોર—પ્યારી.
જેલ છબીલડી તું છુ અલબેલડી
હું છું નવેલી નારી નાજુકજી
એવી મેંઠી બોલી લાગે જાણે ટહુકી રહ્યું મોર
બોલે ટેહુક ટેહુક
બલ્યુ આ શો કરો શોર
કર્યું હરાયું શું ઢોર—પ્યારી

પેમલો-પેમલી— ૬

આતે માણું કેમરે રે'વાય, લાડુ ભર્યું ગાડું લુંટાઇ જાય,
મોઢામાં પાણી પાણી થાય, ના રે બા નહીં રે નહીં રેવાય.
શેકું લોયે રડયું ના રે બા નહીં રે'વાય જોઇ જોઇ હું હું હું
પૂહ હસી જવાય.
મુઇ બોલી કેમ--મુઆ બ્લ્યે તેમ--નારે બા--આતે૦
ટઝટઝટઝટઝ દેખતે ડોળે તાકી રેવરાય કેમ,
બબબઝ બોલતી જીભે, બંધ રેવરાય કેમ,
નારે બા જીવતા જીવન બહોલ થવરાય કેમ—આતે

મોચી-જમાઇ— ૭

સાહેબા સલુણા નાની નણુદલના વીરા,
લાલ લટકાળા મને (૨) આછા આછા બાટ ઘસાવે.

સરખી સૈયર મળી હાંસી કરે છે;
લાજી મરૂં છું બાઇ (૨) ગહેલા વહેલા સોનીડા તેડાવો.
નાનું શું નાથ એક ઝુમણું ને મહી ઝીણા ઝીણા હીરલા જડાવો;
નવસેરો મોતીનો હાર મારા સાહેબા નાના નાના નીલમ મુકાવો,
જોગવાઇ જાસ્તી જો હોય મારા વાલમા,
કંકણને માણેકે મઢાવો;
ગરીબ માણીને બાઇ આશું શું કહીએ,
બસ આટલેથી મન વાળીને રહીએ;
મોટો એક પહાણો બાઇસાબ માગી લઇએ–હાડ૦

માણીબા— ૮

રસીલો રસીલી ચાંદનીનો સમો આમી તજી સઘળી ઉપાધી
ગયાં ઉપવનમાં–

ગુપચુપ વાતો કરે, નેનના ઇસારા કરે;
અંગે હૈયે હરે પૂરે રંગ ધુનમાં–(પછી)
પળમાં રીસાયા છે રસીલા ભાન ભૂલી ભામિની
માનતા મોહન નથી હાથે પણ થઇ માનની
વેળા રસીલા વહી જશે, પસ્તાવો પાછળથી થશે,
માન મોહન ! માન, જાશે કાળ કાં'ણી રહી જશે;
તું માન ભલે ના માન મને પરવા નહિ,

જીવજાન તને નહિ અલગ કરૂં તનથી;
પ્રીત વચન વીણા રસના રસીયા મન વસીયા મારેજી—

બાલુબા—   ૯

રાજવી જાશો ના તરછોડીને
અલબેલડા ! મનમેલડા ! ઓ ઘેલડા !
મારા નાજુક જીવનહાર ! અલબેલીના આધાર—હો૦
ખીલેલી પુર બ્હાર, સરવર પર કળી આ કોમળ;
બાળે વરસીને અંગાર, જળ કણ પણ મળીને આગળ;
દુર દુર જાઓ ગુણ દરીઆ, કોને શરણે આ તો કંગાળ;
લાલા લાડીલી આ લાચાર, પ્રેમી પંખીણી પાલણહાર-

ખોડુભા—   ૧૦

વશ નારીને કરવી જો ધારો, ગોખી રાખો સરસ આ ધારો;
મારો બુધેથી માર, વ્હેતાં વાંકી લગાર;
દહેશે પાંશરી તો રાંડ ભલે જાતની હો દાંડ—વતે૦
નહિ મોહિ પડો જોઈ મોહું, રાંડ જાત એ છે રખડતું રોડું;
ઝાઝુ જેમ જેમ એ ટીપાયે, દહાડે દહાડે એ પાંસરૂં થાયે.

ઉદયસિંહ—   ૧૧

પ્રમદા છે પ્રીતી ભાજન, મનરંજન ભીડ ભંજન;
જુગ્તિથી કરીએ જતન, જોઇએ નિત્ય ચઢતો દન.

કોઈ આય હુજાણી લાવે, થાશે નાહ હુષ્ટ ચરાવે;
પાણી પણ નહિ પીવરાવે, ખાતાં પીતાં અકળાવે.
ફળ કો' તે કેવાં પામે મુરખ જન;
હબહર હેખે ને થાયે નર નિરધન—પ્રમદા૦
ચિન્તામણિ રત્ન છે રમાણી વળી પારસમણી મનહરણી;
કોમળ ને કાંચન વરણી. ધીર ગંભીરવચન રસધરણી.
સંતાપે એ પ્રમદા જે પામર જન;
ઉઠયો ભગવંત ને ઉઠયો તેનો હન—પ્રમદા૦

બાગિઅના—   ૧૨

મોરી પીરેસી ગમરી ઉતાર લીજોરે,
તુંમે કસમ પરમેશ્વરકી-મોરી૦
ગમરી ઉતાર લીયો, નયના મીલાય લીયો;
અખીયાંસે અખીયાં મીલાય લીયોરે-મો૦
કંકર કુઇયાં, પાતાલ પાની;
ભરત ભરત બલ ખા ગઇરે-મો૦

ટેબ્લો.

અંક બીજો.

ભાણીબા-- ૧૩

(ગરબો.)

કોઇ પ્રેમી દેવાંશી સંભારશું કરશું વારશું જઇએ વારંવાર;
દેવતાઇ દેખીયે દેદાર. સંસારમાં સાર ઓહો ધન્ય અવતાર;
સંસારમાં પારસમણી, ચિન્તામણી છે નામનાં;
કામધેનું કલ્પતરૂ રસકુંપી સોના કામના,
અજબકાન્તિ અલખશાન્તિ વેદ કરતાં વાંચ્છના;
છે પ્રેમ નિસંગ રત્ન જેની નવે ખંડે નામના
પ્રેમી પંખીને જખીને ઝંખી જુઓ, કેવાં રંગે ઉમંગે રમે રસિયાં
લપાઇછુપાઇને ડાળી ડાળી ઝુમે, મદ માતેલાં રંગીલા રસિયાં,
વ્હાલાથી વ્હાલ અવર નથી આશા પ્રેમથી પ્રેમ પાણીમાં પતાસ
પરણ્યાથી પ્રેમ ભંડાર, છે સખી સ્નેહનાં સાગર,
પરણ્યાં સાથે પ્રીતડી, ખાસી અમૃત ખીર;
પરનરથી વ્યવહાર તે, ખારૂં ખારૂં નીર;
ખીર મુકી ખારૂં નીર પીવાને જાય,
ફટફટ ભુંડો એ પુરી પસ્તાય;
પ્રેમરસ પ્યાલો પરણ્યા સાથે પીવાય,
ભવે ભવે ભાગ્ય ફળી ખીલેજ જાય-કોઇ૦

ભાણીબા— ૧૪

સહીઅર મનની મનમાં સમાય, મુખથી કે' બા કેમ ઉચરાય,
મુખથી નારેબા નાં કહેવાય (ઉં હું હું હું) મનની૦
ચાંદની ખીલવી, વ્હાલાને વીનવી, પ્રેમથી ભીંજવી
કામણને કેળવી, મનડું મેળવી;
સજની આ પ્રીતિરસ પીવાય આહા (૨)
ઓહો હો આતે શું કહેવાય--જારે જારે,
સાહેલી હવે તે શું શરમાય--જારે જારે,
એ તે બહુ શું બોલાય--એં હેં હેં હેં.

ભાણીબા— ૧૫

અલબેલા, લટકાળા, વ્હાલા પ્રીતમ ઠાકોર મારા મન વસિયા;
રસ ઘેલા રીસાળા, મીઠા દેવના દેવળ માંહિ રંગ રસિયા,
પ્રીતિ પંચામતે પાતળીયા, પખાળું વચનના ફુલડે વધાવું.
હેતના હીંચોળે હળુ હળુ, હીંચોળું હોંસે હસીને હસાવું.
શંગાર સજી સજાવું ભાવે, ભોજનની થાળ ધરાવું,
હળવું કચુંબર, લીસનું રાયતું, ચામઠાઇ ચટણી, વ્હેજ શાક આપું
બરફી પેંડામે મ્હેસુર પ્રેમ ભાવના,
સારી પુરી કચોરી શુદ્ધ સ્નેહ વાસના,
ભાવના ભૂખ્યા ઉઠયા દેવ લઇ વાસના,
બેઠા પરસાદમાં વ્હેંચીશું ઉલ્લાસના—અલબેલા.

ભાણુજી— ૧૬

માન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા;
પુછી જોને તું પંડિત પુરાણુરે, કોના અમર છે લેખ લખાણા.
કાચી છે કાયા આ માટીની માયા, છે માટીના ખેલ બનાયા,
શાણા તો સમજી અલગ થયા, પણ બાળક બિચારા લપટાયા.
લાખોની પાંખો ગઇ છે પીંખાઇ, જેણે મુછપર લીંબુ ઠરાયા,
કાળના કોવાડેથી કોણુ બચ્યું, ભલે રાંક ભલે હોય મહારાયા.
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાને લાડ લડાયા;
જોબન ને તન ધન તેવાં સમજવાં, પાણીમાંના પડછાયા—માન૦

ભાણીબા— ૧૭

જગ સંપત્તિમાં જુવતીને સુખ નહી જરીરે,
મન ગાડને ગાળે સંપત્તિ મળી મળીરે,
અથવા સંપત્તિ જગ ગારામાં ધરી ધરીરે,
સુખ ભમરી સારૂ તુચ્છ એ ચંપા કળી કળીરે,
વૈભવ મંડનમાં જો લપટાયે, નહી પરમ સુખ પંથ પમાયે
બાપુ પ્રથમથી, ધાંખ બીડાએ ઉમંગ રંગમાં કેમ ઉઠાયે.
સાસુઓને શું ખાશે કે પીશે ? સાહેબ સ્વામી જો રૂઠશે રીસે
બોલાવતાં સગા, સંગીએ બ્હીએ જીવ જાણે કે ઝેર ઘોળીને પીએ
ભામિની ભુષણુ પ્રેમ પરસ્પર, સાથે ત્રિજોરી શિયળ સુંદર,
જાણુવી જાણે જે જગ અંદર, તે ભાગ્યશાળી ભામા નિરંતર,

મોંઘી— ૧૮

બાળા ભોળાંરે કુંવારકા પરણીને પસ્તાયાં રે;
પહેલાં પુલી થયાં ફાળકા, હૈડામાં હરખાયાં રે,
ચાર દિન વહુ લાડકાં મનડામાં મલકાયાં રે;
બન્યાં એકદમ કાળાં, અંતરમાં અકળાયાં રે,
મ્હેં તો જાણ્યું બાઇ ફુલડે પુજાઇશું;
ખાજાં જલેબી બાઇ નિત્ય નિત્ય ખાઇશું,
મ્હેં આગળથી, મનમાં ધાર્યું; માન ગ્રહી મરડાઇશું રે;
નણદીના વીરાને થડી ટીંગળાવી ભાગોળે ભૂ પાઇશું રે,
મોહન મળીયા વાતમાં વઢીઆ,
નળીયાં ખખડીયાં વાણી ઉચરીઆ (લે શાંડ દીવો)
મ્હેં કહ્યું ઉહું ઉહું (૨)
ચડસમાં ચઢીઆ ખુબ કકળીઆ.
ઉહુનુ ઓસડ—ધોકા પાઠીઆ,
પરણ્યો પીટયો પરઘર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા ફુળ દીવારે,
ઓશીઆળાં ખાઇએ, હૈડે સીઝાઇએ—પંડે પીસાઇએ.
તોયે આ બાઇરે—પોકે બીબાઇએ—પરણી.

બાણીબા— ૧૯

પીયુજી પધારોરે, સુંદરી સ્વીકારોરે;
રસવેલીના આ શામળીઆજી સંભાળોરે.

મંજુલ મધુરે મદન ઢળી આવે—ભાળોરે;
આંખલડી અમૃત રસ વરસે, પાંખડી પાંખડી તલસેરે,
ચાહી લજામણી—અમૃત ઝરણી સ્વામી સુધાકર રમશેરે.
અજબ સુધાકર પતિ ગુણસાગર,
કોઇ અલૌકિક સ્વર્ગીય સાકર;
અથાગ અન્તર રસ રતનાગર—ભાળોરે.
રસ રાજનાં દર્શન થતાં, કાંઈ નાદ અદ્ભૂત લાગતો;
રગ રગ થઇ રોમાંચમાં, ઝણકાર જાદુઇ જાગતો;
ગુલતાન અન્તર તાનમાં, જગ જાળને જીવ ત્યાગતો;
પતિ સેવના મંગળમણી, મોહન નિરંતર માગતો.
સ્વામી સમર્પણ સર્વ આ—સ્વીકારોરે.

વાણી-ઉદયસિંહ— ૨૦

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો,
બોલો બોલો મેના બોલાવે;
ડોલો રંગ રસીયાજી ડોલો જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે

મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી,
મેના વ્હાલી; મેના કે ના કહે પણ જાગી,
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પ્હેલા પોપટજી પ્યારા રામજી સંભારો.

મ્હા મ્હા મેના શું સતી વિસારો;
ચતુર સુજાણ સીતરામ ઉચ્ચરાવે—
પોપટજી પાંજરૂં સોનાનું સજાવું,
લાડીલી હું લાલચુ નથી કે લલચાવું,
સોને રૂપે શું જીઠ ભીતરની ભાગી—લાગી.
રૂડા સુડાને રંગે રંગે રમાડું પાંખે ધાલીને ફળ મીઠાં ખવાડું,
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે?—બોલો.

જમાજી— ૨૧

હાંરે પુટી બહુ મની બાઈડીની જાત કજાત
બોલાવે બાંકી મારે લાત કરે વાત–હાં૦
ખાવા અને પીવા કહેશે કે મને લાવ્ય લાવ્ય
પહેરવાને ઓઢવા કહેશે પીટ્યા લાવ્ય લાવ
મરકે તુ જીવ પણ મને તો પીટ્યા લાવ્ય લાવ–

ભાણુજી— ૨૨

સર્વાંગે સુંદર ભાભી ખરી, પણ એકજ ખોડ જરી,
આંપણુને ખોડ છતાં પણ રહેશે, ભાઈને મનતો પરી.
મુખ ચંદન જેવું સુંદર પણ નકટી.
બે નયન કમળ પણ ઉંધી એક પુતળી,
કાંચનવરણી પણ દુર્ગંધની બરણી,
માંખે બમણે જેમ ગોળ તણી ગરણી;
લચકાતી, હરખાતી, એ જાતી, વાટે ખાતી–સર્વાંગે.

દાડમ કુળીઓ છે દાંત લગીર ઓખી,
છે વચન કુસુમ પણ ગાળો દે જોખી;
છે હંસગતિ ગજગમની જરીક શંઠી,
ભોળી ભાળી પણ તીખી ને ખાટી;
ત્રણે તાલ-વાંકા વાળ-સુગરમાળ ત્રણ તમુ કપાળ.

ભાણી— ૨૩

અહો દિલદાર જરી દેદાર, દિવાનીને દેખાડોને,
અરે લટકી અધર લટકી, મરૂં પટકી, જીગર પટકી,
અરે આધાર સુધારસ સાર, ચતુરાને ચખાડોને;
મુખે અટકી મધુર મટકી, અરે છટકી અધર છટકી;
દીલની થાપણ ઓળવી, ઘટે ન કરવી ઘાત;
પ્રાણ કહો તો પાઠવું, વાલમ કરવા વાત—અહો.

ભાણી— ૨૪

સૂજ ન પડે રે પિયુ પ્યારા,
આંખે આંસુ ટપકે ચોધારા;
ભર વસ્તીમાં નાથ? નોધારા, આવ્યા મરણ શરણના વારા-
બધી મનની મનમાં સમાતી, કુળી ખીલ્યા પહેલાં કચરાતી;
આશા ગાય છચોક છુંદાતી—હાં; હાં—
અમે પંથી તો જઇએ સ્વદેશે, પ્રેમી શેઠ વસ્યા પરદેશે;
પુઠે હીસાબ પાઠવશે—સૂજ—

અંક ત્રીજો.

બાણીબા-સાહેલીઓ— ૨૫

શાણુઓ કહે છે કે સૃષ્ટિનો સાહેબ, સાચાને લે છે સંભારી,
ગુપ્ત પરીક્ષા કરી અજાયબ, આખર લે છે ઉદ્ધારી,
સાંચે લેવાયે ન દાબે દબાયે, આકીનનો અધિકારી—શાણુ.

કામ વિના પણ શ્રીદામોદર, દે છે પાર ઉતારી,
સાચે સાચી સતી સીતા, પ્રભુએ બળતી આગેથી ઉગારી,
દ્રૌપદીની દીન વાણી સુણીને વ્હારે ધાયા ગીરીધારી—શા.

પતિપરાયણ તારામતી ભીડ, નારાયણેજ નિવારી;
જે વિભુજી વંદના અદ્ધર લેશો ઉદ્ધારી—શાણુ.

બાણીબા-સાહેલી— ૨૬

આજે સોનાના સૂરજ ઉગ્યા હો રંગ ભીના;
મારા મદન મોહન મદઘેલા હો પ્રેમ નગીન;
મીઠાં મીઠાં પ્રેમ રસ ચાખીએ કુંવરજી,
પરણ્યાના લહાવા લઇ લઇએ મોહનજી;
ભોગવો આવા વિલાસ રંગે,
અમો આશીશ દઇએ ઉમંગ સંગે;
કદી વિસરશો નહીં આરે—હો પ્રેમ પ્રવિણ—આજે.

ભાણીબા-ઉદય— ૨૭

ભરૂસે ભુલી હું તારે વિશ્વાસે હરિ તું મારે
પ્યાલો ઝેર પાર પાડે, વિવાહુની વરશી વળાવે—ભ૦
ઝાઝી ગઇ થોડી રહી સદા આવી રહેવી નથી,
ઘડી બે ઘડીને માટે, સુઢ કાં બગાડે મતિ,
હરિ તને કેમ તારે, ભરૂસો પાકો ક્યાં તારે—ભ૦

ભાણીબા— ૨૮

વન વગડામાં ભુલી પડી ત્યાં અમ્રત પ્યાલો પીધોરે,
પીધો લીધો સારસૃષ્ટિનો, કોલ અમર ત્યાં કીધોરે-
પંથી પરદેશી.
અધવચ વગડે નીછું કરડયો, ઝેર ચઢયું છે અંગે રે
કોઈ મુરલીધર મંત્ર ભણે તો, શીતળતા થાય સંગેરે-પંથી
દુનિયા મારી ચેષ્ટા કરતી, ને ગાંડામાં ગણતીરે,
હું ગાંડી કે દુનિયા ગાંડી, આપ કરી લયો ગણતીરે-પંથી

ભાણીબા-ઉદય— ૨૯

પંથી પરદેશી ચિત્ત સોંપો હું આ ચા........લી૦
મનને ભાવે તે કરજો, રે પૂન્યશા................લી૦
તરસ્યાને ટીંગળાવવા પડદે રાખી પ્રીત;
પૂછુ પ્રવીણ પંથી એ કોણ ગામની રીત.
શુભ સંદેશો લઈ સંચરજો, હું આ ચા........લી૦

મહા મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત;
સમય વિનાનું બોલવું, એ ત્રણેની એક રીત.
વ્હેલા મંડપ માંહી મળજો, હું આ ચા.......ી.

સજીવન લીલા

પ્રસ્તાવના.

જગરાય જ્યારે રૂઠે, સત સંગત પહેલાં તુટે.
કુબુંધી દીલમાં ઉઠે, દુર્જન વળગે બહુ પુઠે,
મળી લબાડ લોહા લુંટે, સાચાબોલા શીર કુટે,
સંસાર સુખ ચોખુંટે, ચંડાળ ડુકકર ચુંથે,
દ્રષ્ટાંત દાખવું પુઠે, સાંભળતાં ભવભય છુટે.—

૧—પુરી એકમાં રાજવી પ્રૌઢ પ્રાણી,
હતી વિધવા તેહને બહેન શાણી,
વળી રાજ પુત્રી સતી ગુણવંતી,
મુઇ માત મુકી સતી સત્યવતી,
નવી રાણીના પાસમાં રાય મોહ્યો,
નહિ જુબ્તીથી સત્યનો પંથ જોયો,

હતો રાણીના ભ્રાતનો પુત્ર નાનો,
મહા મુર્ખ ચુડામણી એ પ્રમાણો,
વિચારે વરાવી સુકન્યા ઉમંગે,
અંતે મેળવું રાજ્યને પાટ સંગે,
એક દિવસ તે નરપતિ ભાણાનો લઈ હાથ;
પુત્રી સાથ મિલાવતો ત્યાંથી વચકી વાત.

મામાને ભાણો વહાલો, દુષ્ટોનો જોજો ચાળો;
કોમળ શીશુ કલગીવાળો, દુરજન મન નાગજ કાળો;
પાપીનાં મોઢાં બાળો ધુળ નાંખી આગળ ચાલો.
૨—સતી વિધવા સંતાપવા, પામર કરે વિચાર;
કલંક ચઢાવે કારમું, લાજે નહીં લગાર.

હીરાનંદ્જી દાનો હતો, રાજાનો ભૂપાલ;
વિધવા તેને સમજતી, સાચો ધર્મનો ભ્રાત.

કપટે સતીની સોડમાં, સૂવાડે ચંડાળ,
બોલાવી નરપતિ તીહાં, કરતાં હાલ હવાલ.

ભોળો ભુપને નિર્દોષને, કરવા વગડે ઠાર;
મારા સાથે મોકલે, કરગરતી સતી નાર.

ભાઈ ભાળો આ ભગિનિને, બાળક ને નિરાધાર આધાર એક જ

શ્રી હરી.

વિશ્વ સકળ વેરી થયું નીચે ધરતી ઉપર આભ.
ગાભ જોતાં થાઉં ગાભરી.
બેસતાં આહુર બાવળ ડાળે, પાછળ સાલ પેઠે નિત્ય ચાલે;
કારમું કલંક સુણી ભાઇ, ભોળા મરૂં છું છળી:—

૩–ભંભેરાયો ભૂપતી, કથન સુણે નહિ કાન;
નિરમૂળ કરવા મોકલે, બાળક બ્હેન દીવાન.
મારા મારી ભગિનીને, કુવે કુંવરને સહાય.
બંદુકથી દીવાનને, બચ્ચાં ઉગરી જાય.
મરતાં માતા ઉચ્ચરે, કરૂણા વચન વિશાળ.
ફાટે ડાળે નિહાળતી, નિરાધાર, તે બાળ.
ઝાડ પ્હાડ ને પંખ પંખેરૂં, જાળવજો મુજ બાળ જો જો,
ભાઇ કોપ્યો પણ બ્રહ્માંડ મારૂં, સૌ લેજો સંભાળ જો જો.
હરીના બાળક આપણ સઘળાં, હરિ કરશે રે સવાલ જો જો.
આખર હાલત છે સૌની, થાયે પ્રભુના લાલ જો જો.

૪–દીવાન દાને જાળવ્યા ભાણો સુત સમાન,
ભરથરી વેષે મેળવ્યું, મહિપતિ પાસે માન.
કુંવરી રાય રિઝાવતાં, મહિપતિ મન હરખાય,
કન્યા દેવા કોડથી લોકપતિ લલચાય.

ભાઈઓ સૂતા ભાવથી, ઉરમાં બહુ ઉમંગ,
પાછી આવી પાપીઓ, પાડે રંગમાં ભંગ.
અડધી રાતે ઉંચકી ભાઈને બેભાન,
દરિયામાં ડુબાડતો નીચ નઠારો નાદાન.
દીવાન પુત્ર દોષિત ઠર્યો, કર્યો દેશની પાર,
નરપતિ આગળ ઉચ્ચરે, વિનય વચન સાભાર.

ભક્તભીડભંજના, સુભાગી શામળા, એ વેગે વિહારો વિઠ્ઠલના,
પ્રહ્‌લાદ તારવા સમાન, કેળવો કળા—એ૦—
મૂર્ખ માનવી ભલે, મમત્વમાં મરે—એ૦—
ટાળતાં લલાટ, લેખ ના કદી ટળે—એ૦—

૫—સતિઆનો સંગાથ આ, જગપતિ લીલા ગાય,
પસ્તાઈ સાચા સાક્ષીઓ, સાક્ષી પુરે જાય.
રામનું રખોપું જેને રાખી રહે, તેને પામર નર શું મારતાં,
સાચી નીતીથી કરૂણાસાગર, આખર આવી ઉદ્ધારતા.

— સમાપ્ત. —

જાહેર ખબર.

સતી સુલોચના, સતી પદ્મીની, જાલીમ દુનીયા, અજીતસિંહ, સતી દ્રૌપદી નાટકનાં ગાયન ભાષણ સાથેની મોટી ચોપડી દરેક રૂ૦ ૨-૦-૦ કીંમતે કંપનીના ટીકીટ ઓફીસમાંથી મળશે.

ઝવેરી ચંદુલાલ દલસુખરામ.

માલેક "શ્રી દેશી નાટક સમાજ."

જાહેર ખબર

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં કેરિલ્ડ ફર્તા પારેથી મળશે

1. સતી સંયુક્તા
2. પવિત્ર લીલાવતી
3. સતી ત્રિવેણી
4. અંશુમતી
5. રામ વિયોગ
6. મ્યુનીસીપાલ ઇ.
7. ભોજકુમાર
8. સરદારબા
9. ઉમાદેવડી
10. વીણાવેલી
11. વિજયા વિજય
12. મદન મંજરી
13. ઉદયભાણુ
14. મોહિની ચંદ્ર
15. ગીતા સુંદરી
16. સતી સીતા
17. રૂકિમણી હરણ
18. શ્રી ભદ્રાયુ
19. સતી દ્રૌપદી
20. કબીરસાબ
21. શ્રી સન્યાસી
22. જાલીમ દુનીઆ
23. સતી પદ્મિની
24. અજીતસિંહ
25. કુલીન નાયકા
26. સતી દમયંતી
27. કેશર કીશોર
28. સુભદ્રા હરણ
29. ઉર્વસી
30. રાઠોડ કન્યા
31. પવિત્ર લક્ષ્મી
32. કુસુમલતા
33. હંસાકુમારી
34. ગુલબંકાવલી
35. અભેયસીંહ
36. કર્મફળ
37. નરસીંહ મેહતા
38. સગાળશા
39. કૃષ્ણ સુદામા
40. મહાકવિ કાળીદાસ
41. રાજરતન
42. પ્રલ્હાદ વિજય
43. કૌરવ પાંડવ ભા.૧
44. જાળંધર સતીવૃંદા
45. કૌરવ પાંડવ ભા.૨
46. લલીતપ્રિયા
47. સૌંદર્ય વિજય
48. દેવી દેવહુતી
49. મહારાજા ભરે
50. સતી સુલોચના
51. અસુરી માયા
52. સરસ્વતીચંદ્ર
53. બોલતો કાગળ
54. જાલીમ દુનીયા
55. ચાલુ જમાનો
56. સિદ્ધાર્થ બુદ્ધ
57. દગાબાજ દુનિયા
58. દેવી દમયંતી
59. દેવી દ્રૌપદી
60. માયાવી—વીર
61. ધર્મનીષ્ઠ મયુરધ્વજ
62. આર્ય વિજય
63. અમર યોગીન્દ્ર
64. બાદશાહી ઠીસ
65. પ્રતાપી પ્રેમીલા
66. ચિતોડનો કરણ
67. કામ લતા
68. સત્યવાદી હરીશ્ચંદ